દાખલ તારીખ : ૧૯.૦૬.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૯.૦૬.૨૦૨૬
નિર્ણય તારીખ : ૨૯.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૧૦

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==========================================================

**ફો. પ. અ. નં.૨૬૨/૨૦૨૬**
**આંક–૦૭**

**ભરતકુમાર રમેશભાઈ નગારચી,**
ઉ.વ.આ.૪૯ ધંધો વેપાર,
રહે. ગુજ સ્ટીલ સોસાયટી ગીતાંજલી
તા. અમદાવાદ જી. અમદાવાદ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ. વ.શ્રી એ.આઇ.સુમરા
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા

---

**:: બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન અરજી ::**

**:: ચૂકાદો ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ વેરાવળ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૯૨૬૦૨૨૯/૨૬, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૧(૨)(બી), ૩૧૬(૨), ૩૧૮(૨) મુજબના ગુના સબબ ધરપકડ થવાની દહેશત હોય જેથી તેઓએ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજૂ કરેલ છે.

**(૩)** અરજદાર તરફે વિ.વ.શ્રી એ.આઇ.સુમરાની દલીલ છે કે, અરજદારે ફરિયાદીને અડદ વેચવાના હોય જેથી અરજદારનો સંપર્ક કરેલ. તેમજ પાર્થ કાબરાને ખરીદ કરવાના હોય અમોએ રેફરન્સ આપેલ. અમોએ દલાલી લીધેલ નથી. અમો ઘઉં, અનાજનો વેપાર અમદાવાદમાં કરીએ છીએ વેપારી માણસ છીએ, નાસી ભાગી

જાય તેમ નથી. કયારેય કોઇ ગુનામાં સંડોવાયેલા નથી. તપાસમાં સાથ સહકાર આપવા ખાતરી આપીએ છીએ. જેથી અમારી અરજી મંજુર કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ.વ.શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, અડદ વેચવા માટે દલાલ તરીકે કામ કરી મુદ્દામાલ વેચાવેલ છે. તપાસમાં સહકાર આપતા નથી. હાલના આરોપીનુ ગુનામાં સીધુ ઇન્વોલમેન્ટ હોય અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બન્ને પક્ષકારોના વિ. વ. શ્રીની દલીલો, ત.ક.અમલદારશ્રીનુ સોગંદનામું તથા ફરીયાદ હકીકત જોતા ફરિયાદી અને આરોપી બંને કઠોળ લે–વેચનો ધંધો કરે છે અને ફરિયાદીએ અમદાવાદમાં વેપાર કરતા હાલના અરજદાર ભરત રમેશભાઇનો સંપર્ક કરતા તેણે પાર્થ કાબરાનો પરિચય કરાવેલ અને ભરતભાઇ મારફત પાર્થ કાબરાને ૩૪૭૭૦ કિલો અડદ વેચેલા જે માલ પાર્થ કાબરા આરોપી નં.ર ને ટ્રક મારફત મોકલવામાં આવેલ જે માલ તેને મળી ગયેલ. ૧૨ થી ૨૫ દિવસ સુધીમાં પેમેન્ટ ચુકવવાનુ હતુ પરંતુ પેમેન્ટ નહી આવતા બહાના બતાવેલા. આમ, ફરિયાદીએ હાલના અરજદાર મારફત પાર્થ કાબરા રાજસ્થાનવાળાને માલ વેચાણ આપેલ જેનુ પેમેન્ટ તેને નહી મળતા તેઓએ પોલીસમાં ફરિયાદ આપેલ જે ફાઇલે થયેલ અને ત્યારબાદ કોર્ટમાં ફરિયાદ આપતા પોલીસને તપાસ માટે મોકલી આપેલ જે ફરિયાદ રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને પાર્થ કાબરાએ પોતાની શ્રેયા ફલોર ડેપોના નામનુ બીલ બનાવી ઉદયપુરવાળાને મોકલાવેલ હતો. તેમજ તેમજ અન્ય વેપારીને ત્યાં માલ વેચેલો. આમ, આ વ્યવહારમાં હાલના અરજદાર પાર્થ કાબરા નામની વ્યકિતને અડદ ખરીદ કરવા માંગતા હોવાનુ જણાવેલ છે. માત્ર અડદ વેચવા માટે ફરિયાદીને સંપર્ક કરાવી આપેલ છે તેઓએ કોઇ દલાલી પણ લીધેલ નથી. અરજદાર/આરોપી વેપારધંધો કરતા હોય અને ફરિયાદીને અડદ વેચવાના હોય અને હાલના અરજદારે સંપર્ક કરાવી આપેલ હોય તે તેના ધંધાનો રોજબરોજનો વ્યવહાર છે તેનાથી તેણે ગુનાહિત કૃત્ય કરેલાનુ માની શકાય નહી, અરજદાર વેપારધંધા સાથે સંકળાયેલા હોય તેથી જો અરજદારને આગોતરા જામીન પર મુકત કરવામાં ન આવે તો તેઓની ધરપકડ થતા સમાજમાં તેઓની આબરૂ અને ઇજજતને ઠેસ પહોંચે તેમ હોય જેથી અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ હોય મુજબનો હુકમ કરવામાં આવે છે.

**઼:: આખરી હુકમ ઼::**

**(૧)** અરજદાર/આરોપીની–બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** આરોપીને અટક કરવાનો પ્રશ્ન ઉભો થાય તો તપાસ કરનાર અમલદારે આરોપી **ભરતકુમાર રમેશભાઈ નગારચી,** ઉ.વ.આ.૪૯, ધંધો વેપાર, રહે. ગુજ સ્ટીલ સોસાયટી ગીતાંજલી, તા.અમદાવાદ જી. અમદાવાદનાઓને રૂા.૨૫,૦૦૦/– ના જાતમુચરકા અને સધ્ધર જામીન રજુ કર્યેથી વેરાવળ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૬૦૨૨૯/૨૬, બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૬૧(૨) (બી), ૩૧૬(૨), ૩૧૮(૨) ના કામે અરજદાર/ આરોપીના રહેઠાણનુ અને ધંધાનુ કાયમી સરનામુ મેળવી મુકત કરવા.

**(૩)** અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદારને તપાસના કામે જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર થઇ તપાસના કામમાં પુરતો સહકાર આપવો.

**(૪)** ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

**(૫)** હુકમની યાદી સબંધિત પોલીસસ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડીશ્નલ સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬